# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

***************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામના દિબ્રુગઢ જિલ્લામાં એક હજાર 715 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો
2. ઇન્ડિયા-AI ઇમ્પેક્ટ શિખર સંમેલન આગામી 16 થી 20 ફેબ્રુઆરી દરમ્યાન યોજાશે - સંમેલનમાં ભાગ લેવા માટે સ્ટાર્ટઅપ્સ પાસેથી અરજીઓ મંગાવાઇ
3. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના ભાદરણ ખાતેથી "મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો
4. કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠે આજે પ્રજાસત્તાક દિવસ પરેડ 2026 માટે શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી અને શ્રેષ્ઠ ટેબ્લો એવોર્ડ્સ એનાયત કર્યા – ગુજરાતને શ્રેષ્ઠ ટેબ્લો એવોર્ડ એનાયત
5. WPL ક્રિકેટમાં વડોદરા રમાઈ રહેલી મેચમાં ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતી બેટિંગ પસંદ કરી

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE AMIT SHAH - ASSAM VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામની બે દિવસની મુલાકાત દરમ્યાન દિબ્રુગઢ જિલ્લામાં ઉદ્ઘાટન અને શિલાન્યાસ સમારોહ બાદ ધેમાજી જિલ્લામાં તાકમ મિસિંગ પોરીન કેબાંગ યુવા મહોત્સવમાં મુખ્ય અતિથિ ઉપસ્થિત રહ્યા હતા.

૧૦મા મિસિંગ યુવા મહોત્સવને સંબોધતા. શ્રી શાહે સંસ્કૃતિ અને પ્રકૃતિના સંરક્ષણમાં મિસિંગ સમુદાયના કાર્યની પ્રશંસા કરી અને કહ્યું કે આ સમુદાયના યુવાનો માટે ટૂંક સમયમાં એક ખાસ ભરતી અભિયાન શરૂ કરવામાં આવશે.

શ્રી શાહે ઉમેર્યું કે આસામ સરકારે 200 પ્રાથમિક શાળાઓમાં શિક્ષણના માધ્યમ તરીકે મિસિંગ ભાષા રજૂ કરી છે.

ગૃહમંત્રી શાહે આજે સવારે મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલ અને વિદેશ રાજ્યમંત્રી પવિત્રા માર્ગેરિતાની ઉપસ્થિતિમાં દિબ્રુગઢ જિલ્લામાં એક હજાર 715 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. ગૃહમંત્રીએ દિબ્રુગઢમાં આસામ વિધાનસભાના બીજા કેમ્પસ, ધારાસભ્ય છાત્રાલય અને વન્યજીવન આરોગ્ય અને સંશોધન સંસ્થાનો શિલાન્યાસ કર્યો.

દિબ્રુગઢમાં એક જાહેર સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર આસામના વિકાસ માટે માળખાગત પ્રોજેક્ટ્સ લાવી રહી છે.

(બાઇટ – અમિત શાહ)

----------

# PM-GANDHI

**ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં ગાંધી સ્મૃતિ ખાતે મહાત્મા ગાંધીની 78મી પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 1948માં આજના દિવસે નવી દિલ્હીમાં બિરલા હાઉસ (ગાંધી સ્મૃતિ) ખાતે હત્યા કરવામાં આવી હતી.**

----------

## ASHWINI - AI SUMMIT - early

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે 16 થી 20 ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીમાં યોજાનારુ ઇન્ડિયા-એઆઈ ઇમ્પેક્ટ શિખર સંમેલન વિશ્વની સૌથી મોટુ  આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ શિખર સંમેલન બનવા જઈ રહ્યું છે. આજે નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ શિખર સંમેલનમાં 100 થી વધુ સીઈઓ ભાગ લઈ રહ્યા છે.

(BYTE- ASHWINI VAISHNAV)

અમારા સંવાદદાતા જણાવે છે કે  આ શિખર સંમેલન ગ્લોબલ સાઉથમાં યોજાનાર પ્રથમ ગ્લોબલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ શિખર સંમેલન હશે.

----------

## WAVEX-INDIA AI IMPACT SUMMIT

સરકારના સ્ટાર્ટઅપ એક્સિલરેટર પ્લેટફોર્મ વેવએક્સે ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ શિખર સંમેલન 2026 માં ભાગ લેવા માટે સ્ટાર્ટઅપ્સ પાસેથી અરજીઓ મંગાવી છે. આ સમિટ 16 થી 20 ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ સમિટ ભારતના ઝડપથી વિકસતા એઆઈ ઇકોસિસ્ટમમાં સહયોગને પ્રોત્સાહન આપવા અને અદ્યતન કૃત્રિમ બુદ્ધિ (એઆઈ) ઉકેલો પ્રદર્શિત કરવા માટે રાષ્ટ્રીય પ્લેટફોર્મ તરીકે સેવા આપશે. મંત્રાલયના પેવેલિયનમાં મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં અદ્યતન અને ઉભરતી એઆઈ ટેકનોલોજી પ્રદર્શિત કરવામાં આવશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આનાથી નવીનતાઓને નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને વૈશ્વિક હિસ્સેદારો સાથે જોડાવાની તક મળશે, જે સર્જનાત્મક અને ટેકનોલોજી ઇકોસિસ્ટમમાં સહયોગને પ્રોત્સાહન આપશે.

----------

## GRAMOTTHAN YOJANA

**ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના ભાદરણ ખાતેથી “મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના”નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, આ યોજનાના પ્રથમ તબક્કામાં 114 ગામને આવરી લેવાશે. જ્યારે 10 હજારથી વધુની વસતિ ધરાવતી રાજ્યની તમામ ગ્રામ પંચાયત સુધી આ યોજનાના વ્યાપનો આગામી સમયમાં વિસ્તાર કરાશે. તેનાથી ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનો સમગ્ર અને સંતુલિત વિકાસનો**

સંકલ્પ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સાકાર થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ઉપરાંત શ્રી પટેલે 663 કરોડના કુલ ખર્ચે નિર્માણ થનારી રાજ્યની બે હજાર 666 ગ્રામ પંચાયત માટે પોતિકા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસના એકસાથે એક જ સ્થળેથી ઇ-ખાતમુહૂર્ત કર્યું. આ પહેલા મુખ્યમંત્રીએ ખંભાત શહેર અને આણંદ જિલ્લામાં 234 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

--------------------------------------------------------------------------------

# TABLEAUX AWARDS

કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠે આજે નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસ પરેડ 2026 માટે શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી અને શ્રેષ્ઠ ટેબ્લો એવોર્ડ્સ એનાયત કર્યા. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ટેબ્લો ઝાંખી કેટેગરીમાં મહારાષ્ટ્રને "ગણેશોત્સવ: આત્મનિર્ભરતાનું પ્રતીક" માટે શ્રેષ્ઠ ઝાંખીનો એવોર્ડ મળ્યો, ત્યારબાદ જમ્મુ અને કાશ્મીર અને કેરળનો એવોર્ડ અપાયા. ત્રણેય સશસ્ત્ર દળોમાં ભારતીય નૌકાદળે શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડીનો એવોર્ડ જીત્યો. દિલ્હી પોલીસે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને અન્ય સહાયક દળો શ્રેણીમાં પણ એવોર્ડ જીત્યો.

કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોમાં સંસ્કૃતિ મંત્રાલયને "વંદે માતરમ - રાષ્ટ્રના આત્માની હાકલ" માટે શ્રેષ્ઠ ટેબ્લો એવોર્ડ મળ્યો. કેન્દ્રીય જાહેર નિર્માણ વિભાગને "વંદે માતરમ - 150 વર્ષની સ્મૃતિ" માટે વિશેષ એવોર્ડ મળ્યો અને એક નૃત્ય જૂથને "વંદે માતરમ: ભારતણી શાશ્વત ગુંજ" માટે વિશેષ એવોર્ડ મળ્યો.

MyGov ના એક સર્વેના આધારે લોકપ્રિય પસંદગી એવોર્ડ્સમાં આસામ રેજિમેન્ટ અને CRPF ને શ્રેષ્ઠ માર્ચિંગ દળ એવોર્ડ મળ્યો. ગુજરાતે શ્રેષ્ઠ ટેબ્લો એવોર્ડ જીત્યો, ત્યારબાદ ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનને એવોર્ડ આપયા. કેન્દ્રીય મંત્રાલયોની શ્રેણીમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ ટોચ પર રહ્યો.

----------

## JAISHANKAR - PALESTINE MINISTER

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં પેલેસ્ટાઇનના વિદેશ મંત્રી વર્સેન અઘાબેકિયન શાહીન સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ભારત અને પેલેસ્ટાઇન વચ્ચેના વિકાસ અને સહકારની સમીક્ષા કરી હતી. બંને નેતાઓ આ સંબંધને આગળ વધારવા માટે પહેલ કરવા પર સંમત થયા હતા. શ્રી જયશંકરે જણાવ્યું હતું કે બંને પક્ષોએ ગાઝા શાંતિ યોજના અને પ્રાદેશિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

----------

## EVE WPL CRICKET VADODARA

**મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. ગુજરાતના વડોદરામાં રમાતી મૅચમાં ગુજરાતની ટીમે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી છે.**

**હાલમાં મળતાં અહેવાલ મુજબ, ઍશલે ગાર્ડનરની આગેવાની હેઠળની ગુજરાતની ટીમે 5.2 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 40 રન કર્યા છે. મુંબઈ તરફથી શબનિમ ઇસ્માઇલે એક વિકેટ લીધી છે.**

**પૉઈન્ટ ટેબલમાં હાલ ગુજરાતની ટીમ બીજા અને હરમનપ્રીત કૌરની મુંબઈની ટીમ ત્રીજા ક્રમાંક પર છે.**

----------

# JAISHANKAR SUDAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં સુદાનના વિદેશ મંત્રી સલીમ અહેમદ ઇબ્રાહિમ સાથે મુલાકાત કરી. ડૉ. જયશંકરે સુદાનમાં હિંસાનો અંત લાવવા અને વાતચીત ફરી શરૂ કરવા અંગે ભારતના વલણનો પુનરોચચાર કર્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેઓએ વર્તમાન માનવતાવાદી સહાય અને શિક્ષણ અને ક્ષમતા નિર્માણ આદાનપ્રદાન અંગે ચર્ચા કરી.

----------

# MAHA- AJIT PAWAR

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારની વિમાન દુર્ઘટનાની તપાસ રાજ્યના ગુનાહિત તપાસ વિભાગ (CID) ને સોંપવામાં આવી છે. CID એ આ માહિતીની પુષ્ટિ કરી છે. બુધવારે બારામતી એરપોર્ટ પર થયેલા વિમાન દુર્ઘટનામાં નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સહિત પાંચ લોકોના મોત થયા હતા. પુણેની ગ્રામીણ પોલીસે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો હતો.

----------